તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૯.૦° સે. |
| આહવા | ૩૭.૦° સે. | ૨૬.૦° સે. |
| વલસાડ | ૩૭.૦° સે. | ૨૯.૦° સે. |
| વાપી | ૩૭.૦° સે. | ૨૯.૦° સે. |

# આમડપોરમાં ભારે ખનનકાંડ: ગોચરની લૂંટ પછી જાગ્યું તંત્ર!

**2.82 લાખ મેટ્રિક ટન ખનીજનું કથિત ખોદકામ, 8.55 કરોડની વસૂલાતનો મુદ્દો; હવે સૌથી મોટા સવાલો તંત્ર સામે**

નવસારી: આમડપોર ગામની સરકારી ગોચર જમીન પર થયેલા કથિત ખનનકાંડમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગે રૂ.8.55 કરોડની વસૂલાત માટે કારણદર્શક નોટિસ ફટકારતા સમગ્ર પ્રકરણમાં હડકંપ મચી ગયો છે. પરંતુ હવે લોકોમાં સૌથી વધુ ચર્ચા ખનનકારો કરતાં નવસારી ખાણખનિજ વિભાગની ભૂમિકા અંગે થઈ રહી છે.

ભૂસ્તર વિભાગના આંકડા મુજબ ગૌચર જમીનમાંથી કુલ 2.82 લાખ મેટ્રિક ટન ખનિજનું કથિત ખોદકામ થયું હોવાનું સામે આવ્યું છે. જો આ આંકડા સાચા હોય તો પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલી મોટી પ્રવૃત્તિ એકાદ દિવસમાં થઈ શકે નહીં. મહિનાઓ સુધી ભારે મશીનો અને ડમ્પરોની અવરજવર ચાલતી રહી હશે. છતાં ખનન પર નજર રાખવાની જવાબદારી ધરાવતા વિભાગે સમયસર કોઈ કડક પગલાં કેમ લીધા નહીં? સ્થાનિકોમાં ચર્ચા છે કે ગ્રામ પંચાયત દ્વારા આ મુદ્દે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. ગોચર જમીન પર ચાલી રહેલી પ્રવૃત્તિઓ અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં જો કોઈ અસરકારક કાર્યવાહી થઈ ન હોય તો તે માત્ર વહીવટી બેદરકારી નહીં, પરંતુ સમગ્ર દેખરેખ વ્યવસ્થાની નિષ્ફળતા ગણાય. સૌથી મોટો વિરોધાભાસ એ છે કે નવનિયુક્ત જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાની સમક્ષ ફરિયાદ પહોંચ્યા બાદ મામલો ઝડપથી આગળ વધ્યો અને કાર્યવાહી શરૂ થઈ. જેના કારણે હવે લોકો સવાલ ઊઠાવી રહ્યા છે કે જો આજે કાર્યવાહી થઈ શકે છે તો અગાઉ વર્ષો સુધી જવાબદાર વિભાગો કેમ નિષ્ક્રિય રહ્યા?

આમડપોર ખનનકાંડ હવે માત્ર ગેરકાયદેસર ખનનનો મુદ્દો રહ્યો નથી. હવે આ કેસ તંત્રની જવાબદારી, રજૂઆતોની અવગણના અને સરકારી જમીનના સંરક્ષણમાં થયેલી સંભવિત નિષ્ફળતા અંગેના ગંભીર પ્રશ્નો ઊભા કરી રહ્યો.

# દક્ષિણ ગુજરાતમાં બોગસ પત્રકારો અને ખંડણીખોરો સામે કાર્યવાહીની માંગ

**સાચી પત્રકારિતાને બદનામ કરતાં તત્વો સામે કડક પગલાં ભરો**

નવસારી: રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં જાહેર મંચ પરથી નાગરિકોને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે કોઈપણ વ્યક્તિ ગેરકાયદે રીતે હેરાનગતિ કરે, દબાણ લાવે અથવા ખંડણી માંગે તો નિર્ભયપણે પોલીસનો સંપર્ક કરવો. તેમના આ નિવેદન બાદ હવે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં બોગસ પત્રકારો, નકલી RTI એક્ટિવિસ્ટો અને સોશિયલ મીડિયાના નામે દબાણ ઊભું કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉગ્ર બની રહી છે.

સુરત શહેર પોલીસે તાજેતરમાં ખંડણી અને તોડબાજીના કેટલાક કેસોમાં કરેલી કાર્યવાહી બાદ વેપારી વર્ગમાં નવી આશા જાગી છે. વેપારીઓનું માનવું છે કે જો સુરતમાં આવા તત્ત્વો સામે કાર્યવાહી થઈ શકે છે તો નવસારી, વલસાડ, તાપી, ડાંગ અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા કથિત તત્વો સામે અભિયાન ચલાવવું જોઈએ. વ્યાપારી વર્તુળોમાં ચર્ચા છે કે કેટલાક લોકો પત્રકાર, યુટ્યુબર અથવા RTI કાર્યકર હોવાનો દાવો કરીને વેપારીઓ, બિલ્ડરો અને નાના ધંધાર્થીઓને નિશાન બનાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરવાની, સમાચાર પ્રકાશિત કરવાની અથવા સરકારી કચેરીઓમાં ફરિયાદ કરવાની ધમકી આપી દબાણ ઊભું કરવાના આક્ષેપો પણ ચર્ચામાં છે. વેપારીઓનું માનવું છે કે આવા તત્વો સામે પુરાવાના આધારે નિષ્પક્ષ તપાસ અને કડક કાયદેસર કાર્યવાહી થવી જરૂરી છે.

## વાંસદાના કુરેલિયા ગામે ટ્રેક્ટરની અડફેટે 83 વર્ષીય વૃદ્ધનું મોત

વાંસદા: વાંસદાના કુરેલિયા ગામના નાયકીવાડ વિસ્તારમાં રહેતા સોમાભાઈ રણછોડભાઈ પટેલ (ઉં.વ.83) બુધવારે મોડી સાંજે પોતાના ફળિયામાં આવેલા હનુમાનજી મંદિર નજીકના વળાંકવાળા માર્ગ પર હાથમાં ટેકાની ઘોડી લઈને ચાલતા જઈ રહ્યા હતા. તે દરમિયાન GJ-21-CF-4337 નંબરના ટ્રેક્ટરના ચાલક લંકેશ મંગુભાઈ પટેલ (રહે., કુરેલિયા)એ બેદરકારીપૂર્વક ટ્રેક્ટર હંકારી તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં સોમાભાઈ પટેલ ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર સુબોધભાઈ સોમાભાઈ પટેલે વાંસદા પોલીસ મથકે ટ્રેક્ટરચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### PM મોદી સરકારનાં 12 વર્ષ પૂર્ણ થતાં ગંગાજી મંદિરે નાણામંત્રી કનુભાઈએ મહાઆરતી કરી



પારડી: વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના અવિરત 12 વર્ષ પૂર્ણ થતાં તેઓના દીર્ઘાયું અને નીરોગી આયુષ્ય માટે અને શુભકામના પાઠવવા પારડીના પલસાણા ગામે તાલુકા ભાજપ દ્વારા ગંગાજી રામેશ્વર મહાદેવ મંદિરમાં નાણામંત્રીની ઉપસ્થિતિમાં મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, વલસાડ જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, પલસાણા ગામના નિષ્ણાત ખેડૂત અને ભીલાડવાળા બેંકના માજી ચેરમેન હર્ષદભાઈ દેસાઈ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ, ઉદવાડાગામ સરપંચ રાજુભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, ધવલ દેસાઈ, રાજુભાઈ આહીર, ખુશ્બુબેન ટંડેલ, પલસાણા ગામના સરપંચ રાધિકાબેન, વાપી શહેર ભાજપ અધ્યક્ષ મનીષ દેસાઈ તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યો, સંગઠનના હોદ્દેદારો,સરપંચો મહિલા મોરચાના સભ્યો, મંદિરના ટ્રસ્ટીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### આહવા તા.પં.ના ઉપપ્રમુખ તરીકે ભૂપેશભાઈ પવારે પદભાર સંભાળ્યો



સાપુતારા: આહવા તાલુકા પંચાયતનાં નવનિયુક્ત ઉપપ્રમુખ તરીકે ભુપેશભાઈ પવારે આજે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી આર.બી. ચૌધરી સહિત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન પટેલ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવીત, ડાંગ સંગઠન પ્રભારી રાજેશભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ ભુપેશભાઈ પવારને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ભુપેશભાઈ પવારે જણાવ્યું હતું કે લોકોના પડતર પ્રશ્નો, વિકાસલક્ષી જરૂરિયાતો તેમજ અટકેલા કાર્યો અંગે સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કરી ઝડપથી યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે.

### ઉમરગામ એમ. એમ. હાઈસ્કૂલ ખાતે નવા શૈક્ષણિક મકાનનું ઉદઘાટન



ઉમરગામ: ઉમરગામ એજ્યુકેશન સોસાયટી સંચાલ એમ. હાઈસ્કૂલ ઉમરગામ ખાતે નર્સરીથી ધોરણ-2 સુધીના વિદ્યાર્થીઓ માટે નિર્મિત નવા શૈક્ષણિક મકાનનું ઉદ્ઘાટન ઉદ્યોગસાહસિક વિવાન પ્રશાંત કારુળકર, વિવાનની માતા શીતલબેન પ્રશાંત કારુળકર અને તેમના પરિવારની ઉપસ્થિતિમાં તથા બિઝનેસ સ્ટ્રેટેજિસ્ટ દેવિકા નીલેશ ધોપટકરના શુભ હસ્તે સંપન્ન થયું હતું. શાળાના શૈક્ષણિક મકાન માટે કારુળકર પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા રૂ. 1.5 કરોડનું દાન આપવામાં આવ્યું છે. આ અવસરે સંસ્થાના સેક્રેટરી ઉલ્હાસભાઈ ટંડેલે કારુળકર પ્રતિષ્ઠાન સંસ્થા તેમજ પ્રશાંત કારુળકર પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના બીસીએ વિભાગને ડબલ ગોલ્ડ મેડલની સિદ્ધિ





વાપી: વાપી આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સના બીસીએ વિભાગની વિદ્યાર્થીની નંદિની ગુપ્તા તથા સાક્ષી સિંગએ એપ્રિલ 2026ની પરીક્ષામાં Java Programming વિષયમાં 100 ટકા ગુણ પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ વિષયનું અધ્યાપન જ્યોત્સ્ના ભુવનેશ દ્વારા કરવામાં આવ્યું હતું. વધુમાં સાક્ષી સિંગએ Web Designing વિષયમાં પણ યુનિવર્સિટીમાં સર્વોચ્ચ ગુણ પ્રાપ્ત કરી વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ વિષયમાં તેમને ડો. મિત્તલ શાહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ, બીસીએ વિભાગના HOD નેહા પટેલ તથા કોલેજના સર્વ અધ્યાપક મંડળે વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### વિજલપોરમાં રત્નકલાકાર યુવાનની આત્મહત્યા

નવસારી: વિજલપોરના રાધાનગર વિસ્તારમાં રહેતા 38 વર્ષીય રત્નકલાકાર સાગરભાઈ પ્રકાશભાઈ ભામરેએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં વિજલપોર પોલીસ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના પિતા પ્રકાશભાઈ ભામરેએ પોલીસને જાણ કરી હતી. પોલીસે BNSS કલમ 174 હેઠળ અકસ્માત મોતનો ગુનો નોંધી આત્મહત્યાના કારણોની તપાસ શરૂ કરી છે. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

## વઘઈમાં ટેમ્પોમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી, એક ઝડપાયો

સાપુતારા: વઘઈ પોલીસે ખાપરી નદીના પુલ પરથી ચોરખાના વાળી બોલેરો પિકઅપમાંથી દારૂનો જથ્થો ઝડપાયો છે.

કુડકસ ગામથી ગીરા દાબદર ગામ વચ્ચે આવેલા ખાપરી નદીના પુલ પરથી પોલીસે પિકઅપ ગાડી (નં. GJ 26 T 8035) ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે તપાસ કરતાં ગાડીના કેબિનની પાછળના ઉપરના ભાગે (હુડમાં) ખૂબ જ ચાલાકીપૂર્વક બનાવેલું એક ગુપ્ત 'ચોરખાનું' મળી આવ્યું હતું. પોલીસે જ્યારે આ ચોરખાનું ખોલાવ્યું ત્યારે તેમાંથી વિદેશી દારૂની કુલ ૧,૧૮૮ નંગ બોટલો મળી આવી હતી, જેની કિંમત ૨,૬૭,૯૭૨ આંકવામાં આવી છે. પોલીસે ચાલક મોહિતભાઈ શીવમભાઈ ચૌધરી (ઉં.વ.૨૪, હાલ રહે., કડોદરા, સુરત)ને ઝડપી પાડી દારૂ સહિત કુલ ૫,૭૨,૯૭૨નો મુદ્દામાલ જપ્ત કરી ધીરજ ઉર્ફે કાલીયા નામના ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

# ગણદેવીના દુવાડાની ક્વોરી મંજૂરી મુદ્દે DDOના તપાસના આદેશ

**NOCથી લઈને ઠરાવો સુધી ગેરરીતિના ગંભીર આક્ષેપો, કાર્યવાહીની ગ્રામજનોની માંગ**



નવસારી: ગણદેવી તાલુકાના દુવાડા ગામમાં નવી ક્વોરીને મંજૂરી આપવાના મામલે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. ગ્રામજનો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO) સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં સરપંચ, તલાટી-કમ-મંત્રી અને અન્ય જવાબદારો પર સત્તાના દુરુપયોગ, ગ્રામસભાની અવગણના અને કથિત ગેરકાયદે ઠરાવો પસાર કરવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ફરિયાદના પગલે DDOએ સમગ્ર મામલાની તપાસના આદેશ આપતાં હવે ક્વોરી મંજૂરી પ્રક્રિયા શંકાના ઘેરામાં આવી ગઈ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ દુવાડા ગામમાં પહેલેથી જ અનેક ક્વોરીઓ કાર્યરત છે. જેના કારણે ગામના રસ્તાઓ ભારે વાહનોના બોજ નીચે તૂટી રહ્યા છે, ધૂળનું પ્રદૂષણ અસહ્ય બની ગયું છે અને બ્લાસ્ટિંગના કારણે સ્થાનિકોનું જીવન મુશ્કેલ બન્યું છે. ખેતી અને પાણીના સ્ત્રોતો પર પણ તેની સીધી અસર થઈ રહી હોવાના આક્ષેપો છે. આવા સંજોગોમાં વધુ એક ક્વોરીને મંજૂરી આપવાનો પ્રયાસ ગ્રામજનોને સ્વીકાર્ય નથી. સૌથી ગંભીર મુદ્દો એ છે કે નવી ક્વોરી માટેનું 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' (NOC) કયા આધારે અને કોની મંજૂરીથી આપવામાં આવ્યું? ગ્રામજનોનો દાવો છે કે ગ્રામસભાની યોગ્ય મંજૂરી લીધા વિના અને સ્થાનિકોને અંધારામાં રાખીને ઠરાવો પસાર કરવામાં આવ્યાં હતા. આ આક્ષેપો સાચા સાબિત થાય તો સમગ્ર મંજૂરી પ્રક્રિયા જ સવાલોના ઘેરામાં આવી શકે છે.

ગ્રામજનોનું કહેવું છે કે વ્યક્તિગત લાભ માટે ગામના હિત સાથે સમાધાન કરવામાં આવ્યું છે. જેના કારણે હવે લોકો ખુલ્લેઆમ માંગ કરી રહ્યા છે કે માત્ર તપાસ પૂરતી નથી, પરંતુ જો ગેરરીતિ સાબિત થાય તો જવાબદારો સામે કાયદેસરની અને દંડાત્મક કાર્યવાહી પણ થવી જોઈએ. DDOએ મામલાની ગંભીરતા સમજી નાયબ જિલ્લા વિકાસ અધિકારી (Dy. DDO)ને તટસ્થ તપાસ સોંપી છે.

# VIAની પહેલી કારોબારીમાં ફરી પ્રમુખ સતિષભાઈ પટેલ સહિતના હોદ્દેદારોની વરણી



વાપી: વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના બિનહરીફ ચૂંટાયેલા કારોબારી સભ્યોની પહેલી મીટિંગ ૧૧ જૂન ૨૦૨૬ના ગુરુવારે મળી હતી. જેમાં માનદ મંત્રી કલ્પેશભાઈ વોરાએ જાણ કરી હતી કે વીઆઈએની એડવાઈઝરી બોર્ડ મેમ્બરની નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં એક મીટિંગ મળી હતી, જેમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૩-૨૦૨૬ના હોદ્દેદારોની પુનઃનિયુક્તિની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમની ભાવનાને એડવાઈઝરી બોર્ડના મેમ્બર યોગેશભાઈ કાબરીયા, મિલનભાઈ દેસાઈ,એ.કે.શાહ તેમજ અન્ય એડવાઈઝરી મેમ્બર દ્વારા આવકારી ૨૦૨૬-૨૦૨૯ના ત્રણ વર્ષ માટે તેજ હોદ્દેદારોની પુનઃ નિયુક્તિ કરવા માટે સંમતિ દર્શાવી હતી. ગુરુવારે મળેલી કારોબારીમાં કલ્પેશભાઈ વોરાએ વીઆઈએના પ્રમુખ પદે સતિષભાઈ પટેલ, ઉપ પ્રમુખ પદે મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી પદે કલ્પેશભાઈ વોરા, ખજાનચી પદે રાજુલભાઈ શાહ તથા સહમંત્રી પદે ચંદ્રેશભાઈ મારુંના નામની દરખાસ્ત મૂકી હતી. જેને હાજર કારોબારીના સભ્યોએ સર્વસંમતિથી વધાવી લઈ નવા કાર્યકાળ માટે વીઆઈએના ૨૦૨૬થી ૨૦૨૯ના વર્ષ માટે પ્રમુખ પદે સતિષભાઈ પટેલ, ઉપ પ્રમુખ પદે મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી પદે કલ્પેશભાઈ વોરા, ખજાનચી પદે રાજુલભાઈ શાહ તથા સહમંત્રી પદે ચંદ્રેશભાઈ મારુંની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી.

# આહવા પોલીસ લાઈનના 7 ક્વાટર્સનાં તાળાં તૂટ્યાં

**ક્વાટર્સમાં તસ્કરોને નકૂચા સિવાય કંઈ ન મળ્યું**

સાપુતારા: આહવા સ્થિત પોલીસ લાઈન રહેણાક કોલોનીમાં તસ્કરોએ એકસાથે ૬થી ૭ જેટલા પોલીસ ક્વાર્ટર્સને નિશાન બનાવી તેમના તાળા તોડી નાંખતા સમગ્ર પંથકમાં અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ક્વાર્ટરની સુરક્ષા માટે તેની બિલકુલ સામે જ સીસીટીવી (CCTV) કેમેરા ગોઠવવામાં આવ્યા છે, પરંતુ કમનસીબે આ કેમેરા લાંબા સમયથી બંધ હાલતમાં હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળી રહ્યું છે. તસ્કરોએ આ ખામીનો ભરપૂર ફાયદો ઉઠાવીને ચોરીને અંજામ આપવાનો પ્રયત્ન કર્યો હતો, જેને કારણે ગુનેગારોને પકડવામાં પોલીસને પ્રાથમિક તબક્કે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રાથમિક અહેવાલો મુજબ, તસ્કરોએ તાળા તો તોડ્યા પરંતુ આ ક્વાટર્સમાં તાળાનાં નકુચા સિવાય કંઈ ન મળતા નિષ્ફળતા મળી હોવાનું જાણવા મળ્યું છે. માત્ર એટલું જ નહીં આ દરમિયાન ક્વાર્ટર પરિસરમાં પાર્ક કરેલી એક મોટરસાઈકલ પણ ગાયબ થઈ ગઈ હતી. સ્થાનિક સ્તરે શોધખોળ હાથ ધરતા આ ચોરાયેલી બાઇક નજીકના સ્મશાન પાસેથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. આ મોટરસાયકલને ભારે નુકસાન પહોંચાડી, તેની તોડફોડ કરી નાખી હતી. પોલીસનાં પોતાના જ રહેણાંક વિસ્તારમાં થયેલી આ ચોરી કરવાની ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો. પોલીસ લાઈન જેવા સુરક્ષિત ગણાતા વિસ્તારમાં બનેલી આ ઘટના પાછળ કઈ રીઢા ગુનેગારોની ટોળકી સક્રિય છે તે દિશામાં આહવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ધરમપુરમાં કોંગેસે રેલી કાઢી પ્રાંત કચેરીએ વિરોધ નોંધાવ્યો

ધરમપુર: વધતી જતી મોંઘવારીના વિરોધમાં ગુરુવારે ધરમપુરમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલની આગેવાની હેઠળ તથા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેશભાઈ વી. પટેલની ઉપસ્થિતિમાં બળદગાડી રેલી યોજાઈ હતી. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો વાવ ચોકડીથી બજાર વિસ્તારમાંથી રેલી સ્વરૂપે પ્રાંત કચેરીએ પહોંચ્યા હતાં. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ બળદગાડીમાં બેસી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતાં જોવા મળ્યા હતા, જેને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતાં. પ્રાંત કચેરીએ કાર્યકરોએ ઉગ્ર નારાબાજી કરી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ રાજ્યપાલને સંબોધીને પ્રાંત અધિકારી મારફતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા મહામંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવું મોકાશી સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# મોંઘવારીના વિરોધમાં બળદગાડામાં ગેસના બાટલા સાથે કોંગ્રેસની રેલી

**ચીખલીમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં મામલતદારને આવેદનપત્ર આપી હલ્લાબોલ**



ઘેજ: રાંધણ ગેસ, પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચીખલી રેફરલ હોસ્પિટલ પાસેથી બળદ ગાડુંમાં ગેસના બાટલા મૂકી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

મામલતદારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે આજે દેશમાં તેમજ ગુજરાતમાં પાછલા ઘણા વર્ષોથી ભાજપની સરકાર છે અને ભાજપનો ભ્રષ્ટ ગેરવહીવટ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને પ્રજા મોંઘવારી અને બેકારી વચ્ચે પીસાઈ રહી છે. ૨૦૧૪માં ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારે પેટ્રોલનો ભાવ ૬૧ રૂપિયા અને ડીઝલનો ભાવ ૫૬ કે ૫૭ રૂપિયા સુધીનો હતો. ત્યારે બેરલનો ભાવ ૧૨૦ થી ૧૩૦ ડોલરે ખરીદી હોવા છતાં પ્રજા ઉપર ઓછો ટેક્સ લગાવીને કોંગ્રેસ સરકારે ૬૦થી ૬૨ રૂપિયાની આસપાસ પેટ્રોલ અને ડીઝલના ભાવો સીમિત રાખીને પ્રજા ઉપર મોંઘવારીનો માર પડવા દીધો ન હતો. જ્યારે હાલમાં ૫૦થી લઈને ૬૦ કે ૬૫ ડોલર સુધીની બેરલની ખરીદી હોવા છતાં ભાજપના અણઘડ નિર્ણયો અને પ્રજાને લૂંટવાની નીતિઓને કારણે પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર કરીને ૧૦૨.૨૨ થયો છે.

સાથે ઘર વપરાશના એલપીજી ગેસમાં પણ ૨૯ રૂપિયાનો તોતિંગ ભાવવધારો કરતાં ગૃહિણીઓનો બોજ વધાર્યો છે.

જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેકટર કચેરી, વલસાડ,૩૯૬૦૦૧
ફોન નંબર (૦૨૬૩૨) ૨૪૩૨૩૮/૨૪૦૨૧૨, Email id-dismgmt-val@gujarat.gov.in

વોક ઈન ઈન્ટરવ્યુ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માટે રાજ્યની મહાનગરપાલિકા કચેરી ખાતે જીલ્લા પ્રોજેક્ટ ઓફિસર (પીઓ)ની (૧) જગ્યા માટે નવ રચિત વાપી મહાનગરપાલિકા માટે નીચેની વિગતે પાત્રતા ધરાવતા ઉમેદવારોને વોક ઈન ઈન્ટરવ્યુ માટે આયોજન કરવામાં આવ્યું છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | માસિક એકત્રિત મહત્તમ પગાર | મહત્તમ વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ ઓફિસર વાપી મહાનગરપાલિકા | માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW) લગુત્તમ ૭૦% અથવા તે મુજબનો ગ્રેડ સાથે ઉતીર્ણ થયેલ અને કોમ્પ્યુટર નાં જ્ઞાન સહીત ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટિફિકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં ઇન ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈચ્છનીય | ૧) સરકારી/બિનસરકારી સંસ્થામાં કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ<br>૨) ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન.<br>૩) ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રના અનુભવને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૨૦,૦૦૦/- +૫,૦૦૦/- ----------- ૨૫,૦૦૦/- | ૩૫ વર્ષ |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C), આધાર કાર્ડ/ઓળખપત્ર,કોપ્યુટર જ્ઞાન અંગેનું પ્રમાણપત્ર તથા અનુભવના પ્રમાણપત્રો વગેરે અસલ ડોક્યુમેનટ્સ તથા તે તમામ ડોક્યુમેનટ્સની ૦૨(બે) સ્વપ્રમાણિત નકલો તથા ૦૨ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે તા-૧૯/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી સવારે ૧૧:૦૦ કલાક સુધીના સમયમાં વોક ઈન ઈન્ટરવ્યુ રજીસ્ટ્રેશન માટે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેકટર કચેરી,નવી જીલ્લા પંચાયત કચેરીની બાજુમાં વલસાડ ખાતે સભાખંડ ખાતે ફરજીયાત રૂબરૂ હાજર રહેવાનું રહેશે.નિયત સમય દરમિયાન કચેરી ખાતે રૂબરૂ હાજર રહી નમુના મુજબ ફોર્મમાં વિગત ભરી રજીસ્ટ્રેશન કરાવેલ તથા યોગ્ય લાયકાત અંગેના ડોક્યુમેનટ્સનું વેરીફેકેશન સફળતાપૂર્વક પુર્ણ કરાવેલ ઉમેદવારોનું જ ઈન્ટરવ્યું સવારે ૧૧:૦૦ કલાકથી કલેકટર કચેરી ખાતે સભાખંડમાં શરૂ કરવામાં આવશે, અન્ય કોઇપણ ઉમેદવારને ઈન્ટરવ્યુંમાં પ્રવેશ આપવામાં આવશે નહી. ડોક્યુમેનટ્ વેરીફીકેશન સમયે જો ઉમેદવાર પાસે નિર્દિષ્ટ કરેલા અસલ પ્રમાણપત્રો (Original Certificate) સાથે હાજર નહિ હોય તો તેમને તે જ સમયે ગેરલાયક (Disqualify) ઠેરવવામાં આવશે અને ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે નહિ. તથા આ બાબતે કોઇપણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઉમેદવારને કોઇપણ પ્રકારનું મુસાફરી ભથ્થું (TA/DA) આપવામાં આવશે નહિ. આ પ્રક્રિયા અંગેના તમામ આખરી અધિકારો ઉમેદવાર પસંદગીના હસ્તક અબાધિત રહેશે. તથા ઉમેદવાર પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે અને તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.આ બાબતે કોઇપણ ઉમેદવારનો કોઇપણ પ્રકારનો હક દાવો કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. પસંદગી પામેલ ઉમેદવારે તાત્કાલિક ફરજ વાળી જગ્યા ઉપર હાજર થવાનું રહેશે.

(નિતિન સાંગવાન)
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

માહિતી/વલસાડ/૧૫૯/૨૦૨૬


**તારીખ 12 જૂન** વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ: બાળકોના ભવિષ્યનું રક્ષણ કરી શિક્ષણ, સુરક્ષા તથા તેમના અધિકારોનું જતન

# વલસાડમાં 3 વર્ષમાં બાળમજૂરીના માત્ર બે કેસ

**જિલ્લામાં છેલ્લાં 3 વર્ષમાં કુલ ૮૮ સ્થળે રેડ પાડવામાં આવી, માત્ર બે બાળમજૂર મળ્યા, જ્યારે ૧૦૨ તરુણ મળ્યા**

**વલસાડ જિલ્લામાં છેલ્લાં 3 વર્ષમાં થયેલી કામગીરી**

| વર્ષ | મુલાકાત | રેડ | બાળ મજૂર | તરુણ શ્રમયોગી | કોર્ટ કેસ | નિકાલ (દંડ) |
|---|---|---|---|---|---|---|
| ૨૦૨૩- ૨૪ | ૧૬૮ | ૩૧ | ૦૦ | ૨૬ | ૧૫ | ૨,૨૭,૦૦૦ |
| ૨૦૨૪- ૨૫ | ૧૨૯ | ૨૯ | ૦૨ | ૪૫ | ૧૭ | ૪,૮૦,૦૦૦ |
| ૨૦૨૫- ૨૬ | ૧૫૮ | ૨૮ | ૦૦ | ૩૧ | ૧૬ | ૨૦,૧૦૦ |
| કુલ | ૪૫૫ | ૮૮ | ૦૨ | ૧૦૨ | ૪૮ | ૭,૨૭,૧૦૦ |



વલસાડ: વલસાડ બાળકોના ભવિષ્ય સાથે ચેડાં ન થાય તે માટે International Labour Organization દ્વારા વર્ષ ૨૦૦૨થી તા. ૧૨ જૂનને વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં બાળ મજૂરીના નહિવત કેસો છે પરંતુ ૧૪થી ૧૮ વર્ષની વય વચ્ચેના તરૂણો પાસે મજૂરી કરાવાતી હોવાના બનાવો જોવા મળી રહ્યા છે. ટાસ્ક ફોર્સ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી સઘન કામગીરીમાં જિલ્લામાં ૪૫૫ સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી અને ૮૮ જેટલા સ્થળે રેડ પાડવામાં આવી હતી. ૩ વર્ષમાં માત્ર બે બાળ મજૂર મળી આવતા માલિક સામે ગુનો દાખલ કરાયો હતો. આ સિવાય ૧૦૨ તરૂણ મળી આવ્યાં હતા. જેમાં નિયમોના ભંગ બદલ માલિક સામે ૪૮ કેસ કરાયા હતા. જેમાં કુલ રૂ. ૭,૨૭,૧૦૦નો દંડ કરાયો હતો. વલસાડ જિલ્લા મદદનીશ શ્રમ કચેરીના મદદનીશ શ્રમ આયુક્ત જી.એમ.ભૂટકાએ જણાવ્યું કે, ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખી દર મહિને બે રેડ પાડવામાં આવે છે. જેમાં ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને તરૂણોને (૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાના) જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે. જેમાં કામે રાખનાર માલિકની તાત્કાલિક ધરપકડ કરી ગુના બદલ રૂ. ૧ લાખ સુધીનો દંડ અથવા બે વર્ષ સુધીની જેલ અથવા બંને સજા થઈ શકે છે.

## બાળકને શિક્ષણ, માતા-પિતાને રોજગાર આપવામાં તંત્ર મદદરૂપ થાય છે

જિલ્લા મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના લેબર ઓફિસર એન.બી. પરમાર જણાવે છે કે, વલસાડ જિલ્લામાં અંદાજે ૪૦૦૦ જેટલા ઉદ્યોગો છે, તેમાં નહિવત બાળ મજૂરો જોવા મળે છે પરંતુ હોટલ અને રેસ્ટોરન્ટ પર તરૂણો કામ કરતાં જોવા મળે છે. રેડ દરમિયાન ૧૪ વર્ષથી નીચેની વયનું બાળક મળે તો તે ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી તેને શિક્ષણ અને માતા-પિતાને રોજગાર આપવામાં તંત્ર મદદરૂપ થાય છે. જો પરપ્રાંતના બાળક મળી આવે તો જે તે રાજ્યને જાણ કરવાની હોય છે.